CITY પલ્સ

ગુજરાતમિત્ર

email: citypulse@gujaratmitra.in

શુક્રવાર ૧ નવેમ્બર, ૨૦૨૪

LifeStyle Trends




# દિવાળી- બેસતાં વર્ષના હવે બદલાઇ ગયા છે રંગ
# રિવાજો ભૂલાયા, ઉજવણીના નવા જ છે ઢંગ

ગણેશ ઉત્સવથી શહેરમાં તહેવારોની રંગત જામી જાય છે. તેમાં પણ દિવાળી આવે એટલે શહેરની રોનક વધી જાય છે. નવા કપડાં, ઘરેણાની શોપિંગ માટે બજારોમાં ધમધમાટ જોવા મળે છે. ઘરના આંગણને રંગોળીથી સુશોભિત કરાય છે, દીવાઓની હારમાળા અને રંગીન લાઇટિંગથી ઘરની બાલ્કનીને ઝળહળતી કરી દેવાય છે. ઘરમાં બનતી ટ્રેડિશનલ વાનગીઓની સુગંધથી સોસાયટી મહેકી ઉઠે છે. એના બીજા દિવસે નવું વર્ષ એટલે મિત્રો, ફ્રેન્ડ્સ એન્ડ ફેમિલીને નૂતન વર્ષના શુભેચ્છા સંદેશ મોકલી લોકોના દિલોમાં નવા અરમાનો, સંકલ્પોનો સંચાર કરાય છે. અત્યારે પણ દિવાળી અને નવા વર્ષ એકધારા બની ગયેલા જીવનમાં ઉત્સાહ ઉમંગનો સંચાર કરે છે. પણ આજે જ્યારે લોકો ખૂબ બિઝી લાઈફ જીવે છે અને ઘરનાં મેલ-ફિમેલ મેમ્બર્સ બંને કોઇક રીતે કોઇ પ્રોફેશન, બિઝનેસ જોવા કરતા હોવાથી પહેલાની દિવાળીની ઉજવણી તથા અત્યારની દિવાળીની તૈયારીને ઉજવણીમાં ઘણા ફેરફાર થતા જણાયા છે. ખાસ્સું મોડર્નાઇઝેશન દેખાઇ છે જેમાં ઘણી બધી વસ્તુઓ રેડિમેડ આવી જતી હોય છે અને કામો પણ એજન્સીઓ પાસે કરાવી દેવાતા હોય છે. બદલાતું કલ્ચર તહેવારોની રોનકને ઝાંખી પાડી દે છે. વર્ષો પહેલાના અને હવેના વર્ષોમાં શું ફેરફાર આવ્યો છે ? તેને આપણે ચાલો વાગોળીએ....

## નવા વર્ષના દિને મળસ્કે 4 વાગે સબરસ લેવાની ભુલાઈ રહી છે પરંપરા



સબરસની પ્રથા હવે શહેરના કોટ વિસ્તારમાં ગણીગાંઠી જગ્યાઓ પર જોવા મળે છે. નવા વર્ષના મળસ્કે 4 વાગે બાળકો 'સબરસ લઈ લો' 'સબરસ લઈ લો' કહેતા ઘરે ઘરે મીઠું આપવા જતા. સબરસની આ પ્રથાને નવા વર્ષના શુકન તરીકે જોવાય છે. ઘરની મહિલાઓ સબરસ એટલે કે મીઠાના ગાંગડા ઘરમાં નકારાત્મક ઉર્જાનો પ્રવેશ નહીં થાય અને સાથે સાથે માંગલિક અને શુભ કાર્યનું આયોજન થાય તેવા હેતુ માટે પણ ખરીદે છે. હવે તો શહેરમાં સબરસ વેચવા નીકળનારની સંખ્યા પણ ઘટી છે અને સબરસ લેનારા પણ ઘટ્યા છે.

## હવે ચાર્જ આપી પ્રોફેશનલ્સ પાસે કરાવાય છે રંગોળી



પહેલા શેરી મોહલ્લામાં એવું જોવા મળતું કે પોતાના ઘરની રંગોળી થઈ જાય એટલે બીજા ના ઘરની રંગોળી કરવા જતા. આ રીતે બધા સાથે મળીને તહેવારોનો આનંદ લેતા હવે તો પોતે રંગોળી કરવાનું દૂર પણ પ્રોફેશનલ્સને ચાર્જ આપી રંગોળી કરાવી લેવાય છે કે પછી રેડીમેડ રંગોળી યુઝ કરાય છે. પહેલા રિયલ ફલાવર્સ ગલગોટા વગેરે ફૂલોનું ડેકોરેશન થતું તેને બદલે હવે ફેન્સી તોરણ તૈયાર લાવી ઘરનું ડેકોરેશન કરાય છે કે પછી ઘરે ખાસ ડેકોરેશન કરવાવાળાઓને સોંપી દેવાય છે.



## વડીલોના પગે લાગી બોણી મેળવવાની કે કવર મેળવવાની મજા હવે ક્યાં છે?

એક સમય એવો હતો કે બાળકો અને યુવાઓ નવા વર્ષની આતુરતાપૂર્વક રાહ જોતા. બેસતું વર્ષ ક્યારે બેસે અને ક્યારે અમે ઘરના વડીલોને, આસપડોશના મોટેરાઓ અને સગાસંબંધીઓ ને પગે લાગવા જઈએ અને ક્યારે અમને તેમના તરફથી બોણી કે પૈસાનું કવર મળેશે તેની ઈંતેજારી અને ચટપટી રહેતી. એ પરંપરાએ તો ક્યારે વિદાય લીધી એની ખબર જ નહીં પડી. હવે ના બહુ ઓછા બાળકો વડીલોને નવા વર્ષે પગે લાગે છે પણ બોણી મેળવવાનો ઉત્સાહ તેમનામાં વર્તાતો નથી

## પર્સનલી જઈને શુભેચ્છાઓ પાઠવવાને બદલે વોટ્સએપ પર શુભેચ્છા સંદેશ મોકલવાનો નવો ટ્રેન્ડ

આપણા વડીલોને તો યાદ જ હશે પહેલાના વર્ષોમાં ન્યુ ઈયરના દિવસે મિત્રો-રિલેટિવ્ઝના ઘરે રૂબરૂ જઈને સાલમુબારક કહેવાનો ઉત્સાહ અલગ જ હતો. પણ સોશ્યલ મીડિયા લોકોના મગજ પર એવું હાવી થઈ ગયું છે કે હવે રૂબરૂ ઘરે જવાનું નહિવત થઈ ગયું છે. Happy Diwali કહેવાનું ચલણ વધ્યું છે. પ્રત્યક્ષ મળીને સાલમુબારક કહેવાની મજા ખોવાતી જાય છે.

## ટ્રેડિશનલ મઠીયા, ઘૂઘરાને બદલે હવે મહેમાનો સામે ચોકલેટ્સ અને ડ્રાયફ્રૂટ્સની ડીશ મુકાય છે





પહેલા મોટાભાગે મહિલાઓ જોબ નહીં કરતી એટલે ઘરની બધી મહીલાઓ ધારા સાથે મળીને મઠીયા, ઘૂઘરા, ચોળાફળી, ગોબાપુરી, જાડી સેવ અને બીજા ટ્રેડિશનલ નાસ્તા બનાવી નવા વર્ષના દિવસે તે નાસ્તા મહેમાનો સામે મુકાતા, પણ હવે એવું થઈ ગયું છે કે ટ્રેડિશનલ નાસ્તાને બદલે અલગ અલગ ફ્લેવર અને આકર્ષક શેપની ચોકલેટ્સ અને ડ્રાયફ્રૂટ્સની ડીશ મુકાય છે. હવે ઘરની સ્ત્રીઓ જોબ કરવા લાગી છે એટલે તેમની પાસે આવા નાસ્તા બનાવવાનો ટાઈમ નથી હોતો વળી, મોટાભાગે રેડીમેડ બહારથી જ મંગાવી લેવાય છે અને તે પણ ખપ પૂરતો જ.

સુરતીઓની પાછળના બે અક્ષર 'વાળા'નામ વાળી અટક (સરનેમ) નો ઇતિહાસ જેટલો ઇન્ટરેસ્ટિંગ છે એટલો જ ઇન્ટરેસ્ટિંગ છે તળ સુરતની શેરીઓ, મોહલ્લા, ફળિયાના નામોનો ઇતિહાસ. સુરતમાં જ્યારે કોઈ પહેલીવાર પગ મુકતું હોય ત્યારે તેની નજર જો 'અંધારની ખુણ 'નામની શેરી પર પડે તો તેના મનમાં અચૂક પ્રશ્ન થશે આવું નામ કેમ પડ્યું હશે. 'છેલ્લો મોહલ્લા', 'ભૂતશેરી' નામ સાંભળીને તો માથું ખાંજવાળવા લાગશે કે આવા નામો કોણે પાડયા હશે અને શું વિચારીને પાડયા હશે ! આ તો હજી ટ્રેલર છે પિક્ચર તો હજી બાકી છે. સુરતના કોટ વિસ્તારમાં તમે જેમ જેમ આગળ વધશોને તેમ તેમ તમને વિચિત્ર અને એકદમ હટકે લાગે એવી એવી શેરીઓ, મોહલલા, ફળિયાના નામ સાંભળવા અને જોવા મળશે. કોઈ ટીખળખોર ને આપણે શેતાનનું ઉપનામ આપી દેતા હોઈએ છીએ ત્યાં સુરતમાં તો એક આખા ફળિયાનું નામ જ શેતાન ફળિયું છે. તો ચાલો આપણે જુના સુરતની શેરી મોહલ્લામાં લટાર મારી આવીએ અને આવા હટકે અને વિચિત્ર લાગે તેવા નામ શેરી-મોહલ્લાને કેમ અપાયા હશે તેનો ઇતિહાસ વાગોળીએ.

CITY સ્કેપ્સ

# આપણાં સુરતમાં છે ભૂત, શેતાન અને રાવણના નામોની પણ શેરીઓ




## સુરતની આ શેરી-મોહલ્લા-ફળિયાના નામ પણ અચરજ પામી જવાય તેવા છે

- ચીડિયા કુઈ
- આમખાસ
- ગુંદી શેરી
- દાળિયા શેરી
- ખાંડવાળાની શેરી
- અંધારાની ખુ
- ખાઉધરા ગલી
- આમલીરાન
- લક્કડકોટ
- પગથિયાં શેરી
- ધામલાવાડ
- છક્કાપીરની ગલી
- પાંજરાશેરી
- સુરમાવાડ
- દુધારા શેરી
- ટૂંકી
- મુરગવાનનો ટેકરો
- ચોગાનશેરી
- લીંબુશેરી



## ભૂતોનો આભાસ થતો એટલે નામ પડ્યું ભૂત શેરી, ભૂતિયા વાસ હવે બન્યું છે સ્માર્ટ ફળિયું

અત્યારના લોકો ભૂતમાં વિશ્વાસ નહીં કરે એ સ્વાભાવિક છે પણ સુરતમાં મહિધરપુરામાં એક એવી શેરી છે જેનું નામ ભૂત સાથે જોડાયેલું છે. કહેવાય છે કે દોઢસો-બસો વર્ષ પહેલાં અહીં લોકોનો ભૂતોનો આભાસ થતો એટલે લોકોએ ભૂત શેરી નામ આપી દીધું હતું. ગોપીપુરમાં ભૂતિયાવાસ શેરી આવેલી છે. ત્યાં રહેતા એક વયોવૃદ્ધ વ્યક્તિએ જણાવ્યું કે તેમના બાપદાદા કહેતા કે અહીં રહેતી વ્યક્તિનું મૃત્યુ થાય એટલે તેના મૃતદેહને મોડી રાત્રે અંતિમ ક્રિયા માટે સ્મશાન લઈ જતા.તો લોકો કહેતા કે ભૂત લઈ ગયા ભૂત લઈ ગયા એટલે તે શેરીનું ધીરે ધીરે ભૂતિયા વાસ નામ પડી ગયું. હવે આ શેરીને સ્માર્ટ શેરી પણ કહેવાય છે. અત્યારે પણ તમે આ ગલીમાં જશો તો નામનું બોર્ડ દેખાશે જેની પર સ્માર્ટ ફળિયા ( ભૂતિયા વાસ) લખેલું દેખાશે.



## મોટું મહાકાય તાડનું ઝાડ અહીં ઉતારવામાં આવ્યું હતું એટલે નામ પડ્યું રાવણતાડ

રાવણતાડ શેરી સગરામપુરમાં સ્થિત છે. એવું કહેવાય છે કે ત્રણ વડ અને બે તાડના ઝાડ આકાશ માર્ગે ઉડતા ઉડતા જતા હતા તેમને મંત્રોચ્ચાર કરીને સુરતની પવિત્ર ધરતી પર ઉતારવામાં આવ્યા હતા. હરિપુરામાં ભવાની વડ, રાવણ જેવું મહાકાય તાડ સગરામપુરામાં ઉતારવામાં આવ્યું હતું એટલે તેનું નામ રાવણતાડ પડ્યું અહીં આ નામનું મંદિર પણ છે. બેગમપુરામાં મુંબઈ વડ, ક્ષેત્રપાલ દાદાનું તાડ સગરામપુરામાં તથા સૈયદપુરામાં આગાનો વડ ઉતારવામાં આવ્યો હતો.



## નવાબની પાલખી સળગાવી દીધી તો નામ પડ્યું શેતાન ફળિયું

શેતાન ફળિયું જે ગોપીપુરામાં છે અને જ્યાં દિવાનજીનો ખાંચો છે ત્યાંનાં નિવાસીએ એના દિલચસ્પ ઇતિહાસ વિશે જણાવતા કહ્યું કે વર્ષો પહેલા સુરતમાં નવાબોનું પણ રાજ હતું. આ શેરીમાં પહેલા દિવાનજી અને મોટા માણસો રહેતા. એક નવાબ અહીં એક મોટા માણસને મળવા પાલખીમાં આવ્યા હતાં. અહીં બહાર પાલખી મૂકી નવાબ અંદર ગલીમાં ગયા અને પાછા ફર્યા ત્યારે તેમને પાલખી નહીં દેખાઈ તો તેમણે પૂછ્યું અરે ! મેરી પાલખી કહાં ગઈ? હવે એ દિવસ હોળી નો હતો કોઈ ટિળકખોર હશે તેમણે પાલખી સળગતી હોળીમાં પધરાવી દીધી હશે. જે જાણ્યા બાદ નવાબ બોલ્યા હતા કે યહાં કે લોગ શેતાન હૈ અને એ રીતે શેતાન ફળિયું નામ પડ્યું હોવાનું કહેવાય છે.

## રૂસ્તમપુરામાં જોવા મળશે છેલ્લો મહોલ્લો, વણઝારાઓની ચલમે આવ્યું ચલમવાડ નામ

સલાબતપુરા વિસ્તારમાં ચલમવાડ સ્થિત છે. અહીં રહેતા એક વયસ્ક વડીલે જણાવ્યું કે મારા પપ્પા, મારા દાદા કહેતા હતા કે અહીં વણજારા આવતા અને જે ઘરબાર છોડીને ભટકતી જિંદગી વિતાવતા હોય તેવા બાવા ટાઈપના લોકો ચલમ ફૂંકતા બેસતા એટલે ધીરે ધીરે આ વિસ્તારનું નામ ચલમવાડ પડ્યું. તેને હિન્દીમાં ચીલમવાડ કહેવાય છે. શેરીઓ વિશે બહોળો અભ્યાસ ધરાવતા કિરીટભાઈ મેઘાવાળાએ જણાવ્યું કે રૂસ્તમપુરામાં છેલ્લો મોહલ્લો આવેલો છે, જેની બાજુમાં કોટ આવેલો હતો અને જ્યાં આ મોહલ્લો પૂરો થાય ત્યાં ઉધના દરવાજા જવાનો રસ્તો હતો. એટલે પહેલા કોટવિસ્તાર જેટલું જ શહેર હતું. જ્યાં શહેરની હદ પુરી થતી હતી ત્યાંનો મોહલ્લો છેલ્લો મોહલ્લો ગણાયો.



## પહેલા બાંધકામ સ્થળો પર ગધેડા પર ઈંટોની ડિલિવરી થતી, એક એક વ્યક્તિ પાસે 20-25 ગધેડા રહેતા એટલે ગધેવાન મહોલ્લો નામ પડ્યું

ઇન્દરપુરામાં ગધેવાન મહોલ્લો આવેલી છે. કિરીટભાઈ મેઘાવાળાએ જણાવ્યું કે આ શેરીમાં પહેલા છો ની ભઠ્ઠી હતી. અહીંથી કોટ વિસ્તારમાં બાંધકામ સ્થળો પર ઈંટોની ડિલિવરી થતી. એ વખતે તો ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા બાળ અવસ્થામાં હતી. ટેમ્પો હતા નહીં એ સમયે ઈંટો બાંધકામ સ્થળો પર ગધેડા પર મોકલાતી. અહીંના એક એક વ્યક્તિ પાસે ત્યારે તો 20-20, 30-30 ગધેડા હતા. એટલે આ શેરીનું નામ ગધેવાન શેરી પડ્યું હતું. શહેર વિકસ્યું અને ટ્રાન્સપોર્ટના સાધનો વધતા ધીરે ધીરે ગધેડાઓની સંખ્યા ઘટી અને હવે અહીં કશે ગધેડા જોવા નહીં મળે. જોકે હજી અહીં ઈંટ રેતીનો વ્યવસાય ચાલે છે.



## સીધી શેરી, વચલી શેરી, મોટી શેરી, સાંકડી શેરીના આવા નામ કઈ રીતે પડ્યા?

સીધી શેરી અને વચલી શેરી સલાબતપુરામાં છે. સીધી શેરી એટલે વચ્ચે કોઈ ગલી નહીં આવે. જ્યારે વચલી શેરી એટલે બે શેરીની વચ્ચેની શેરી. મોટી શેરી મહિધરપુરામાં આવી છે આ વિસ્તારની તે સૌથી મોટી શેરી ગણાય. જ્યારે સાંકડી શેરી સગરામપુરામાં છે જ્યાં આમને સામનેથી કાર પસાર નહીં થઈ શકે એટલી સાંકડી એટલે તેને સાંકડી શેરી નામ પડ્યું. કેટલીક શેરી મોહલ્લાના નામ પશુ-પક્ષીઓના નામથી પડ્યા છે જેમકે, હાથી ફળિયું બેગમપુરામાં છે અહીં હાથીને ઉભા રાખવામાં આવતા એટલે હાથી ફળિયું નામ પડ્યું એવું કહેવાય છે. સગરામપુરામાં પોપટ શેરી અને બકરા શેરી, લીમડા ચોકમાં કબૂતર ખાના, બેગમપુરામાં કાગડીની ચાલ છે.